# આધુનિકીકરણ : ભારતીય સંસ્કૃતિ માટે પડકારરૂપ

આશાબેન આર. ચૌધરી
એસોસિએટ પ્રોફેસર
ગુજરાતી વિભાગ
ડી.એન.પી. આર્ટ્સ એન્ડ કોમર્સ કોલજ, ડીસા

આધુનિકીકરણ ભારતીય સંસ્કૃતિ માટે પડકારરૂપ છે કે નથી તેની ચર્ચા કરતાં પહેલા ભારતીય સંસ્કૃતિ અને આધુનિકીરણ એ બન્ને શબ્દોને સમજવા જરૂરી છે. આ બન્ને શબ્દોની સ્પષ્ટતા થશે તો જ પડકારીતતા સમજાશે. સંસ્કૃતિનો પ્રાદુર્ભાવ માનવજીવનના ઉદયકાળથી થયેલો મનાય છે. સ્થળ-કાળ, જાતિ-ધર્મ, દેશ-પ્રદેશ પ્રમાણે સંસ્કૃતિઓ વિકસે છે.વિશ્વના દરેક ભૂ-ભાગોમાં વસતા લોકોની રહેણી-કરણી, રીત-રીવાજ, માન્યતાઓ-રૂઢીઓ, કુટુંબ વ્યવસ્થા, સમાજ વ્યવસ્થા પોતાની ભૌગોલિક પરિસ્થિતી અને પ્રદેશ પ્રમાણે આગવી હોય છે. પરીણામે આજે આપણને વિશ્વમાં એક નહી પણ અનેક સંસ્કૃતિઓના દર્શન થાય છે. આવી સંસ્કૃતિઓમાં ભારતીય સંસ્કૃતિ એ સૌથી પ્રાચીનતમ સંસ્કૃતિ છે.

સંસ્કૃતિ શબ્દ સંસ્કૃતના સમ્+કૃ ધાતુમાથી બનેલો છે. તેનો સંબંધ સંસ્કાર, સુસંસ્કારિતા, સભ્યતા સાથે છે. સમ્યગ્+કૃતી: એ સંસ્કૃતિ. સંસ્કૃતિમાં 'સમ્' નો અર્થ - સારી રીતે અને 'કૃતિ'નો અર્થ કરવું. અર્થાત સારી રીતે, સંસ્કરણ, પરિષ્કરણ, અને પરીમાર્જન કરવું એવો થાય છે, એવા અર્થનો બોધ કરાવે છે. ગુજરાતનાં પ્રતિષ્ઠિત વિદ્વાન કે.કા.શાસ્ત્રી પોતાના 'બૃહદ્ ગુજરાતી કોશ' માં 'સંસ્કૃતિ' શબ્દનો અર્થ - ઊંચા સંસ્કાર, સંસ્કારિતા, વિભિન્ન કલાઓ અને વિભિન્ન શસ્ત્રોનો થયેલો વિકાસ સૂચવનારી લાક્ષણિકતાઓ (રહેણી-કરણી અને સભ્યતાના સંસ્કારોની જેમાં છાપ પડી હોય છે.) એવો કરે છે. તો 'સાર્થ જોડણી કોશ' માં 'સંસ્કૃતિ' નો અર્થ - સામાજિક પ્રગતી, સભ્યતા, સુધારો આપવામાં આવ્યો છે. આંગ્લ ભાષામાં 'સંસ્કૃતિ' માટે Culture શબ્દ પ્રયોજવામાં આવ્યો છે.

આધુનિકીકરણ આધુનિક શબ્દ પરથી આવ્યો છે. આધુનિક નો અર્થ વર્તમાન કે અભિનવ કાળનું અથવા વર્તમાનની કે અભિનવ કાળની વિશેષતા ધરાવતું એવો થાય છે. સામાન્ય રીતે પ્રાચીન એટલે જૂનું, પુરાણું અને અર્વાચીન એટલે આધુનિક કે વર્તમાન. વિગતે સમજાવતા એમ કહી શકાય કે, વર્તમાન સમય, બદલાવ લાવવો, નવી રીતિઓને અપનાવવી તે આધુનિકીકરણ છે.

આધુનિકીકરણ શબ્દને ઉપરોક્ત અર્થમાં લેતા આધુનિકીકરણ એ ભારતીય સંસ્કૃતિ માટે કોઈ ખતરારૂપ કે પડકારરૂપ નથી કારણ કે પરિવર્તન એ સંસારનો નિયમ છે. અને ભારતીય સંસ્કૃતિ એ કોઈ જડ વાદી સંસ્કૃતિ નથી કે તેમાં કોઈ બદલાવ ન થઈ શકે. વિશ્વની પ્રાચીનતમ આ સંસ્કૃતિએ અનેક ચડાવ ઉતાર જોયા છે. વિધર્મીઓના આક્રમણ સહન કર્યા છે. કાળની થયાટો ખાધી છે. છતા આજે અડીખમ ઊભી છે. કારણ કે સમયાંતરે આધુનિકતા સાથે કદમ મિલાવ્યા છે, નવીનત્તમ વિચારોના સારાસારનો વિચાર કરી અપનાવ્યા છે. આપના

પૂર્વજો તો પ્રાચીનકાળથી કહેતા આવ્યા છે કે -"आनो भद्राः क्रतवो यन्तु विश्वतः।" અમને ચારે દિશાઓમાથી સારા વિચારો પ્રાપ્ત થાઓ. અહિ કવિ ઈકબાલનો પેલો શેર યાદ આવે છે,

' યૂનાન મિસરોમાં સબ મીટ ગયે જહાએ
ક્યાં બાત હૈ કી હસ્તી મીટતી નહી હમારી.'

ભારતીય સંસ્કૃતિ એ કાળજય સંસ્કૃતિ છે. તેણે સમય પર વિજય મેળવેલ છે. તેમાં કાળક્રમે ચઢાવ-ઉતાર આવે પણ ક્યારેય તે નાશ થવાની નથી. જે સંસ્કૃતિમાં જીવ, જગત અને ઈશ્વર સંબંધી ચિંતન હોય તે જ સંસ્કૃતિ કાળજય હોય છે. જે ભારતીય સભ્યતામાં છે. ભારતીય સંસ્કૃતિના મૂળમાં નીતિ, સદાચરણ, સહિષ્ણુતાની ભાવના, ઉદારતા, નિશ્વાર્થ પરાયણતા, હ્રદયની વિશાળતા, પરોપકારની ભાવના, સહાનુભૂતિ, સત્ય, ત્યાગ, સેવા, સંયમ, શૌર્ય-વીરતા, વૈરાગ્ય, પ્રેમ, જ્ઞાન, વિવેક, સ્ત્રી-સન્માન, અહિંસા વગેરે બાબતો નિહિત છે. સાને ગુરૂજીના શબ્દોમાં ભારતીય સંસ્કૃતિ વિશે કહીયે તો" આ સંસ્કૃતિ હ્રદય અને બુધ્ધિની પૂજા કરાવનારી, ઉદાર ભાવના અને નિર્મળ જ્ઞાનના આ સંયોગથી જીવનમાં સંદરતા લાવનારી, જ્ઞાન-વિજ્ઞાનને સહ્રદયતા સાથે જોડી સંસારમાં મધુરતા પ્રશાવનારી, કર્મ-જ્ઞાન અને ભક્તિનો મહિમા વર્ણવનારી, સ્થગિત થયા વિના અવિરત જ્ઞાન પ્રાપ્તિ માટે પ્રયાણ કરનારી, જગતના સત્યમ્, શિવમ્  અને સુંદરમ્ ને લઈ વિકાસ પામનારી, દુનિયાના તમામ લોકો, ધરમોનો આદર કરનારી છે."

ગુરુ શિષ્ય સંબંધ, ચાર પુરુષાર્થ, ચાર વર્ણ, ચાર આશ્રમ, માનવેત્તર સૃષ્ટિ સાથે પ્રેમ, વસુધૈવ કુટુંમ્બની ભાવના, કાર્ય-ધ્યેય નિષ્ઠા, અવતાર કલ્પના, મૂર્તિપૂજા, સોળસંસ્કાર, પ્રતિક ઉપાસના, કુટુંબ વ્યવસ્થા, પર્વોત્સવો, લોકોત્સવો, દેવ-દેવીઓ, ઋષિઓ, મુનિઓ, સંતો-મહંતો, ભક્તો, તીર્થસ્થાનો, પવિત્ર નદીઓ, વેદ, ઉપનિષદ, દર્શનો, સ્મૃતિઓ, બ્રાહ્મણગ્રંથો, આરણ્યકો ઈત્યાદી બાબતો ભારતીય સભ્યતાના આધાર સ્તંભ સમાન છે. દુનિયાની આ એકમાત્ર એવી સંસ્કૃતિ છે કે જેની વિશાળતાને લીધે તે કોઈપણ ધર્મના સદગુણો, કોઈપણ સંપ્રદાય, કોઈપણ દેવી-દેવતાને પોતાનામાં સમાવી લે છે.

આવા વિશાળ-વ્યાપક વિચારને વરેલી ભારતીય સંસ્કૃતિને માટે આધુનિકીકરણ એ કઈ રીતે પડકારરૂપ હોય શકે? પરંતુ આપણે આજકાલ આપણે ભારતીયો પશ્ચિમીકરણને જ આધુનિકીકરણ સમજીએ છીએ. તેની પાછળનું કારણ થોડા વર્ષોની ગુલામી છે. દેશ આઝાદ થયો પણ આપણે હજુ માનસિક ગુલામીમાથી બહાર નીકળી શક્યા નથી. આપણે વિશ્વની શ્રેષ્ઠ સંસ્કૃતિના વાહક હોવા છતાં આજે આપણે પશ્ચિમી સંસ્કૃતિના ભૌતિકવાદથી આકર્ષાઈ તેની તરફ આંધળી દોટ મૂકી છે. જે ભારતીય સંસ્કૃતિ માટે ઘાતક તો નહીં પરંતુ થોડા ઘણા અંશે નુકશાનકારક, પડકારરૂપ તો છે જ. આજે આપણાં કહેવાતા બુધ્ધિજીવીઓની પૂર્વધારણા જ વિદેશી ગુલામીની બંધાઈ ગઈ છે. જેના લીધે આજે પરિસ્થિતિ એવી નિર્માણ થઈ છે કે જ્ઞાનગ્રંથોમાં વેદ શ્રેષ્ઠ છે. ધાર્મિક સાહિત્યમાં ગીતા શ્રેષ્ઠ છે. વિદ્વત્ત પુરુષોમાં પાણિની, પતંજલિ, શંકરાચાર્ય, વિવેકાનંદ વગેરે ભારતીયો શ્રેષ્ઠ છે.કવિઓમાં કાલિદાસ શ્રેષ્ઠ છે, સંસ્કૃતિઓમાં ભારતીય સંસ્કૃતિ શ્રેષ્ઠ છે.- એવું આપણે જ માનવા જ તૈયાર નથી. ઘણીબધી બાબતોમાં આપણે સમૃદ્ધ હોવા છતાં માનસિક ગુલામીને લીધે આમ થયું છે. વિદેશી લોકો જ્યારે કહે અથવા પ્રમાણિત કરે ત્યારે

આપણે માણીએ છીએ. ત્યાં સુધી આપણને આપણાં સાંસ્કૃતિક વારસાનું કે સંસ્કૃતિનું ગૌરવ નથી. આપણે એ પણ ભૂલી ગયા છીએ કે, પ્રાચીન ભારત જ્ઞાન-વિજ્ઞાન, કલા-વિદ્યા, આર્થિક-સામાજિક-સાંસ્કૃતિક આધ્યાત્મિક આદિ તમામ ક્ષેત્રે વિશ્વમાં અગ્રતા ક્રમે હતું એટલે જ વિશ્વગુરુ તરીકે ઓળખવામાં આવતું હતુ આ ભૂલવા પાછળનું કારણ ગુલામીની સાથે પશ્ચિમીની સંસ્કૃતિનું આંધળું અનુકરણ અને તેનું આક્રમણ પણ છે. પરિણામ એ આવ્યું છે કે આજે આપણે આપની સામાજિક, આર્થિક, રાજકીય સમસ્યાઓના સમાધાન માટે પશ્ચિમી દેશો તરફ મીટ માંડીને બેઠા છીએ. સાંસ્કૃતિક દ્રષ્ટિકોણથી પશ્ચિમી સંસ્કૃતિના આક્રમણને તપાસીએ તો તો સ્પષ્ટ ખ્યાલ આવે છે કે આ આક્રમણ ત્રિ-સ્તરીય છે. વૈયક્તિક સ્તરે, કૌટુંબિક સ્તરે અને સામાજિક સ્તરે. આ આક્રમણ ચોક્કસ પડકારરૂપ છે. આપણને ખબર પણ ના પડે તે રીતે ધીમી ગતિએ ભારતીય સંસ્કૃતિને નુકસાન પહોચાડી રહ્યું છે. જે અસરો જુદા જુદા સ્તરે ક્રમિક જોવા મળી રહી છે. આ આક્રમણ ટીવીના મધ્યમથી, ઇન્ટરનેટના માધ્યમથી, ભાષા સાહિત્યના માધ્યમથી, ફેસબૂક કે ટ્વીટરના માધ્યમથી કે અન્ય આધુનિક ઉપકરણોના માધ્યમથી થઈ રહ્યું છે. જે સાકર મિશ્રિત ઝેરની માફક સંસ્કૃતિ માટે પડકારરૂપ છે.

જગતમાં એક અલિખિત નિયમ છે કે, કોઈ પણ ખરાબ બાબતોનો પ્રચાર-પ્રસાર સારી બાબતોના પ્રમાણમાં વધારે ઝડપથી થતો હોય છે. તેમ પશ્ચિમી સંસ્કૃતિની સારી બાબતો આપણાં સુધી પહોંચી નથી, પણ તેના ખરાબ પાસા ઝડપથી આપણે ત્યાં પહોંચી ગયા છે. જે ચિંતાનો વિષય છે. જેના લીધે આજે માણસે ભૌતિકતા તરફ આંધળી દોટ મૂકી છે. પૈસા મેળવવા માટે અને પૈસાના મધ્યમથી સુખાકારી મેળવવાની ઇચ્છા રાખતો માનવી અનૈતિક માર્ગોને અખત્યાર કરતાં ખચકાતો નથી, ગભરાતો નથી. ભૌતિકવાદને લીધે આજે સમાજ ભ્રષ્ટતા તરફ ગતિ કરી રહ્યો છે. જેને પરિણામે આપણે અત્ર-તત્ર-સર્વત્ર જ્યાં જ્યાં ભૌતિક સુખાકારી પાછળની દોટ જોઇએ છીએ ત્યાં ત્યાં સમાજજીવનનું અધઃપતન દ્રષ્ટિ ગોચર થાય છે. કહેવાતી આધુનિકતા તરફણી દોટને પરિણામે ભષ્ટાચાર, નિરર્થકતાની ભાવના, જીવંત આસ્થાઓનો અભાવ, લંપટતા, લાલચપૂર્ણ ઉપભોગ, આર્થિક બેજવાબદારપણું, અનિયંત્રિત ક્રોધ, દુરાગ્રહી અને હઠપૂર્ણ વ્યક્તિવાદ, હિંસા, અસફળતાની ભાવના, જીવન અને સંપતિ પ્રત્યે અનાદરની ભાવના, યૌન ભાવનાઓનો દુરૂપયોગ, ધર્મનું વેપારીકરણ, અંધવિશ્વાસોનું પોષણ અને બધા પ્રકારના જન ઉન્માદ અને વશીકરણ દ્વારા લોકોનું મન અનુબંધન, સાર્વજનિક જીવનમાં ભષ્ટાચાર અને જોડ-તોડ, પાખંડ, પોતાના સ્વાર્થ સાધન માટે લોકોમાં વર્ગોમાં ફૂટ પાડવી, સંચાર સાધનોનો દુરૂપયોગ અને વિનાશ, નિમ્ન સ્તરની મૂર્ખતાપૂર્ણ જન ભાવનાઓનો અનુચિત લાભ લેવો, સગા સંબંધીઓ દેશ, મિત્ર તથા નિષ્ઠાના લીધેલા શપથ સાથે વિશ્વાસઘાત કરવો વગેરે સમાજ સંસ્કૃતિને વિઘાતક તરફ ધકેલનારી અવસ્થાઓના લક્ષણો આજે જોવા મળી રહ્યા છે. આ બધો પશ્ચિમી ભૌતિકવાદી સંસ્કૃતિના આંધળા અનુકરણનો પ્રભાવ છે. જેને પડકારરૂપ ગણી શકાય. આની ક્રમિક અસર ભારતીય સંસ્કૃતિની કઈ કઈ બાબતોને થઈ રહી છે, તે નીચે મુજબ બતાવી શકાય.

કુટુંબ વ્યવસ્થા

સંયુક્ત કુટુંબ પ્રથા એ ભારતીય સંસ્કૃતિની સુંદર કુટુંબ વ્યવસ્થા છે. જેની માઠી અસર થઈ છે. વિભકત કુટુંબોનું સર્જન થયું છે. પ્રો. ઠકરાલના શબ્દોમાં કહીએ તો 'હું ને મારો વર બીજા બધા પર ' એવું પત્ની બોલે છે. અને પતિ

'હું ને મારી વહુ તેમાં આવી ગયું સૌ 'આ વ્યક્તિવાદી વિચારધારા પાશ્ચાત્ય સંસ્કૃતિ તરફના આકર્ષણનું પરિણામ છે.

લગ્ન વ્યવસ્થા

મનુસ્મૃતિમાં લગ્નના આઠ પ્રકારોનું વર્ણન છે. જે આદર્શ વ્યવસ્થા છે. આજે યુવક યુવતીઓ મલ્ટી-મીડિયાના આ યુગમાં આપની સંસ્કૃતિમાં વર્ણિત  લગ્નના આઠે પ્રકારોની જુદા જ પ્રકારના ઇ-મેઇલ દ્વારા પ્રેમમાં પડી અને ઇન્ટરનેટ દ્વારા લગ્ન કરે છે. અને પછી ટૂંક સમયમાં છૂટા છેડા લઈ લે છે. આ બધી પાશ્ચાત્ય સંસ્કૃતિને દેન છે.

વેશભૂષા, રહેણી-કરણી

ભારતીય સમાજમાં સ્થળ, કાળ પ્રમાણે પોશાક છે. જે ભૌગોલિક પ્રદેશની તાસીર અને ઋતુચક્રને અનુરૂપ છે. તેમાં પણ પશ્ચાત્યિકરણે પગ પેસારો કર્યો છે. ઉનાળાની કાળઝાળ ગરમીમાં પણ આપણાં વકીલો કાળો કોટ પહેરીને ફરે છે. જે કેટલે અંશે યોગ્ય છે? આ અંગ્રેજોની દેન છે. એ જ રીતે આધુનિકતાના આડંબરમાં પર્વો-ઉત્સવોની ઉજવણીમાં વેસ્ટન કલ્ચરના તાલે યુવાધન હિલોળા લેતું થયું છે, જે પડકારરૂપ છે.

શિક્ષણ

ભારતીય સંસ્કૃતિમાં શિક્ષણનું ધ્યેય વ્યક્તિનો સર્વાંગી વિકાસ કરવાનું રહ્યું છે. વર્તમાનમાં અંગ્રેજી શિક્ષણની ઘેલછામાં આપણે અપનાવેલી મેકોલોની શિક્ષણ નીતિએ વ્યક્તિનો સર્વાંગી વિકાસ તો શું એકાંકી વિકાસ કરવામાં પણ સમર્થ નિવડ્યું નથી. હા એટલું ચોક્કસ કહી શકાય કે આ શિક્ષણ પધ્ધતિ દેશમાં કાળા અંગ્રેજોએ પેદા કરવાનું કામ કરી રહ્યા છે. શિક્ષણ એ એક એવું માધ્યમ છે કે જે સંસ્કૃતિના પાયાને સુદઢ કરવાનું કામ કરી શકે. એ જ રીતે તે તોડવાનું કામ પણ કરી શકે. વર્તમાન શિક્ષણ સંસ્કૃતિના પાયાને મજબૂતી બક્ષતું હોય એવું તો વિશ્વાસથી કહી શકાય તેમ નથી.

સદાચાર

સદાચારનો પાયો નીતિ છે. નીતિ અને અનીતિને સરળ વ્યવ્હારું ભાષામાં લોકોને સમજવા માટે આપની સંસ્કૃતિમાં પૂણ્ય અને પાપ, સ્વર્ગ અને નરકની કલ્પના કરવામાં આવી હશે એવું અનુમાન કરી શકાય. જે નીતિનું પાલન કરે તે પુણ્ય અર્જિત કરી સ્વર્ગની પ્રાપ્તિ કરે અને જે અનીતિને માર્ગે જઇ પાપ અર્જિત કરે તે નરકણે ભોગવે. આ બધુ માણસને માણસ બનાવવા માટે જ સંસ્કૃતિમાં વાણી લેવામાં આવ્યું છે. આજે લૌકિક સુખોની લાલસામા માણસ અનીતિનું આચરણ કરતાં અચકતો નથી. જે ચિંતાનો વિષય છે.

ત્યાગ-ઉદારતા

બીજાને ખવડાવીને ખાવું, ત્યાગીને ભોગવવું એ ભારતીય સંસ્કૃતિનો ઉદાત્તગુણ છે. મફતનું લેવું નહીં, વણ જોઈતું સંગ્રહવું નહીં એ ભાવનાને કહેવાતી આધુનિકતાને નુકસાન કર્યું છે, બીજાનું પડાવી લેવાની વૃત્તિ વધી રહી છે. જીવો जिवस्य भक्षणम। એ ન્યાયને ઉચિત ગણાવી સાર્થક કરી રહ્યા છે.

દયા-કરુણા-સેવા-સહાનુભૂતિ

सेवा परमो घर्मः। દીન-દુઃખિયા પ્રત્યે, અબોલ પશુ-પક્ષીઓ, પ્રાણીઓ પ્રત્યે દયા, કરુણા, સહાનુભૂતિની ભાવના દાખવવી, જરૂરિયાત મંદોને સહાયરૂપ થવું એ આપણને વારસામાં પ્રાપ્ત થયેલું છે. આમ છતાં આજે ભૌતિકતાની ચકાચાંદની અસરને લીધે માણસ ધીરે ધીરે સંવેદનહિન બનતો જાય છે. સેવાની ભાવના શબ્દો પૂરતી મર્યાદિત બનતી જાય છે. જે દૂ:ખ દાયક છે.

પ્રેમ-વિવકે

માત્ર માનવ જાતિ પ્રત્યે જ નહીં પરંતુ માનવેત્તર સજીવ સૃષ્ટિ તરફ પ્રેમ રાખવો એ શાસ્ત્રોના વચનો અને દરેક નિર્ણય વિવેકથી કરવો એવી વડીલોની વાતો આજે માત્ર ઉપદેશ પ્રધાન બની રહી છે. સ્ત્રી-પુરુષની દૈહિક વાસનાને પ્રેમ સમજવામાં આવી રહ્યો છે. પૈસા અને બુધ્ધિએ વિવેકનું રૂપ ધારણ કર્યું છે. જે પાશ્ચાત્ય સંસ્કૃતિની દેન છે. જે લાંબાગાળે નુકસાનકારક છે.

સત્યમ્-શિવમ્-સુંદરમ્

સત્યમ્, શિવમ્ અને સુંદરમ્ એ ભારતીય સંસ્કૃતિના પાયાના તત્વો છે. સત્યએ શાશ્વત છે તે સ્થળ - કાળના બંધનથી પર છે. શિવ એ કલ્યાણકારી છે અને સુંદરમ્ પણ સર્વવ્યાપી છે. આમ છતા પોતાની સંસ્કૃતિ સારી એવું સત્ય, પોતાની સંસ્કૃતિ જ કલ્યાણકારી એવું શિવ અને પોતાની જ સંસ્કૃતિ શ્રેષ્ઠ એવું સુંદર સ્થાપિત કરવા માટે વિશ્વમાં આજે હોડ લાગી છે. જે કાળક્રમે નુકસાન કારક છે.

સ્ત્રી સન્માન

જ્યાં નારીની પૂજા થાય છે ત્યાં દેવતાઓ રમણ કરે છે. એવી ઉદાત્ત ભાવનાવાળી આપણી સંસ્કૃતિમાં સ્ત્રીને દેવીનું સ્થાન આપવામાં આવ્યું છે. 'નારી તું નારાયણી' જેવી લોકોક્તિઓ સ્ત્રી સન્માન માટે જ છે. આમ છતા છેલ્લા કેટલાક વર્ષોથી જાણે કે પાશ્ચાત્ય સંસ્કૃતિનું પ્રતિનિધિત્વ કરતો હોય તેમ આપણો ફિલ્મ ઉદ્યોગ પાશ્ચાત્ય સંસ્કૃતિના રંગે રંગાઈને એવી ફિલ્મોનું નિર્માણ કરી રહ્યો છે. જે ભારતીય સ્ત્રીના ગૌરવને, સ્વાભિમાનને નુકસાંકારક છે. દા.ત., એક ફિલ્મમાં સ્ત્રીને વસ્તુ સાથે સરખાવીને રજૂ કરી છે. 'તું ચીજ બડી હૈ મસ્ત મસ્ત' આ કેટલે અંશે યોગ્ય છે.?

વિશ્વાસ-શ્રધ્ધા-આસ્થા

વિશ્વાસ એ ભારતીય સંસ્કૃતિના પાયાની પ્રમુખ બાબતોમાંનો એક છે. આપની સંસ્કૃતિ વિશ્વાસની ધરીની આજુબાજુ પરિભ્રમણ કરે છે. છતાં કેટલાક સમયથી આ પાયાને હચમચાવવાનો આયોજન બધ્ધ પ્રયાસ થતો હોય તેમ લાગે છે. 'ભરોસો તો સગા ભાઇનો પણ ન કરવો.' એવી ઉક્તિઓ સમાજમાં ફરતી થઈ છે જે આપણી સંસ્કૃતિની નથી. જેના લીધે વ્યક્તિ - વ્યક્તિ પ્રત્યે, ઈશ્વર પ્રત્યેની શ્રધ્ધા-વિશ્વાસનો હ્રાસ થઈ રહ્યો છે.

અહિંસા

अहिंसा परमो घर्मः। જીવો અને જીવવા દો, પ્રાણી માત્ર પ્રત્યે સદભાવ એ ભારતીય સંસ્કૃતિનો આદર્શ છે. આજે છડેચોક કરવામાં આવતી હિંસા નવા નિર્માણ થઈ રહેલા કતલખાના આ ભોગવાદી આધુનિક સંસ્કૃતિનું પરિણામ છે. આપણે ફરી એકવાર યાદ કરી લઈએ કે પશ્ચિમીકરણ એ આધુનિકીકરણ નથી, છતાં તેણે આધુનિકીકરણ માની બેઠા છીએ, આમેય આધુનિકીકરણ એ પણ માત્ર સાધન છે, સાધ્ય નથી. જીવનનું સાધ્ય તો સંપૂર્ણ, નક્કર, નિરંતર અને શાશ્વત સુખ છે. જે ભારતીય સંસ્કૃતિમાં છે.

ભારતીય સંસ્કૃતિ ગંગાના પ્રવાહ સમાન છે. આ પૃથ્વી પર જ્યાં સુધી યજ્ઞ-યાગાદિ ક્રિયા કર્મો થતાં રહેશે, જ્યાં સુધી આમંત્રણ વિના લોકો સ્વયંભૂ કુંભના મેળામાં ભાગ લેતા રહેશે, ધર્મપ્રેમી યાત્રિકો ધાર્મિક સ્થાનકોમાં અનુષ્ઠાન-યાત્રા કરતાં રહેશે ત્યાં સુધી વિશ્વની કોઈ સંસ્કૃતિ , ભારતીય સંસ્કૃતિના આત્મ તત્વને નુકશાન પહોચાડી શકવાની નથી. અંતમાં કહી શકાય કે ભારતીય સંસ્કૃતિનું અસ્તિત્વ, यावद चंद्रदिवाकरौ ! ની સમાન છે. તેની ચિંતા કરવાની કોઈ જરૂર નથી.

સંદર્ભસૂચિ

1. શાસ્ત્રી, કે.કા. ધર્મ- સંસ્કૃતિ- સભ્યતા (લેખ સંગ્રહ)
2. ઠેંગડી, શ્રી દત્તોપંત પશ્ચિમીકરણ વગર આધુનિકીકરણ
3. જાદવ, સુનિલ ભારતીયતા